ગાંધીનગર સમાચાર

આદરજ મોટી ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

## @ગાંધીનગર

● જીવ કલ્યાણ સંસ્થાની માસિક સભા સે. ૨૨ પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં સાંજે ૪.૦૦ કલાકે યોજાશે.

● દિવ્ય જીવન સંઘ દ્વારા પૂ. સ્વામી પ્રેમાનંદજી મહારાજ દ્વારા સત્સંગ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાકે દિવ્યજીવન કેન્દ્ર ૨૦૫, આનંદનગર ૨૪ ચાર રસ્તા સે. ૨૭ ગાંધીનગર ખાતે યોજાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી "નવા વર્ષે નવુ વિચારીએ" વિષય પરનું વક્તવ્ય સાંજે ૪.૪૫ કલાકે પથિકાશ્રમ પાર્ટી પ્લોટ સેક્ટર-૧૧ ખાતે યોજાશે.

● સમરદર્શન આશ્રમ તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પુ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખે કર્મયોગ વિષય પર જીવનોપયોગી "ગીતાજ્ઞાન" સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન સે. ૧૨ ઉમિયા માતાજી મંદિર હોલ ખાતે યોજાશે.

● મા મેલડી મંડળ દ્વારા આનંદનો ગરબો પ્રિતિબેન પટેલ ઈ-૩૦૫ શ્રેયસ સ્ટેટસ કુડાસણ ખાતે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે.

● બહુચર મંડળ દ્વારા રીટાબેન ઠાકોર ૧૨૩/૧ સે. ૩-એ ખાતે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

# ઈડીઆઈ ખાતે ગ્લોબલ સ્કીલ સમિટ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

નવજીવન સેન્ટર ફોર ડેવલોપમેન્ટ દ્વારા આજરોજ ગ્લોબલ સ્કીલ સમિટ-૨૦૧૬નું આયોજન ગાંધીનગર નજીક આવેલ ઈ.ડી.આઈ., ભાટ ખાતે કરવામાં આવ્યું હતું. આ સમિટને રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે સ્કીલ એ મહત્વની બાબત છે, કારણ કે તેનો સંબંધ રોજગારી, ઉદ્યોગ અને દેશના આર્થિક વિકાસ સાથે રહ્યો છે. આઝાદીના સાત દાયકા જેટલો લાંબો સમય પસાર થઈ ગયા બાદ પણ દેશમાં બેરોજગારીની સમસ્યા હળવી બનતી નથી, સ્કીલ ડેવલપમેન્ટ આ બાબતનો હલ કરી શકે તેમ છે. ઈન્ડસ્ટ્રીઝ-મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગના વિકાસ માટે સ્કીલ ડેવલપમેન્ટ ખૂબ જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને સ્કીલ ઈન્ડિયા જેવા કાર્યક્રમ દેશવાસીઓની સામે મુક્યા છે. આવા ઉમદા કાર્યક્રમને સફળ બનાવવા માટેના પ્રયાસો આપણા સૌએ ભેગા થઈ કરવાના છે. આ પ્રસંગે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર એજ્યુકેશુન ડેલલપમેન્ટના એક્ઝીક્યુટીવ પ્રેસિડેન્ટ અરવિંદકુમાર શર્મા, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના કે.ટી. પટેલ, નવજીવન સેન્ટર ફોર ડેવલપમેન્ટના સંજય વાનાણી, ઉદ્યોગપતિ ભાગ્યેશ સોનીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

આ સમિટિમાં સ્કોપ ઓફ સ્કીલ, પાર્ટનરશીપ ઓફ સ્કીલ, એકેડેમીક ફ્રેમવર્ક, સર્ટીફિકશન એન્ડ એક્રેડિટેશન અને ફન્ડીંગ ફોર સ્કીલ જેવા વિષયો પર તજજ્ઞો દ્વારા પ્રેઝેન્ટેશન અને વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દેશના વિવિધ વિસ્તારોમાંથી સ્કીલ ડેવલપમેન્ટના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.

## ચાર વર્ષથી વૉન્ટેડ બુટલેગર એસઓજીનાં સકંજામાં

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી નાસતા ફરતા આરોપીઓ પકડવા એસ.ઓ.જીની એક ટીમ સક્રિય છે ત્યારે બાતમીને આધારે એસ.ઓ.જી પી.આઈ જે.ડી. પુરોહિત અને એમ.આર. પુવારની ટીમે છેલ્લા ચાર વર્ષથી વૉન્ટેડ બુટલેગરને દબોચી લીધો હતો. મુળ ભાવનગર મહુવાનો અને હાલ અમદાવાદ વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા મનિષ કાનજી બારોટ સામે ચાર વર્ષ પહેલા અડાલજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન અંતર્ગત ગુનો નોંધાયો હતો. ગઈ કાલે ગાંધીનગર એસ.ઓ.જીની ટીમનાં સકંજામાં આ બુટલેગર આવી ગયો હતો. બાતમીને આધારે અડાલજ બાલાપીર સર્કલથી આ શખ્સને દબોચી લઈ એસ.ઓ.જીની ટીમે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને અડાલજ પોલીસને સોંપવા તજવીજ કરી છે.

# ઘરફોડ ચોરીનો મુદ્દામાલ ખરીદનાર સોનીની ધરપકડ

### એક વર્ષ પહેલા કોટેશ્વરનાં એક ફ્લેટમાં થયેલી ઘરફોડમાં ચોરાયેલા દાગીના સોનીએ લીધા હતા

ગાંધીનગર, તા.૧૭

એક વર્ષ પહેલા ગાંધીનગર નજીક આવેલા



કોટેશ્વર ગામનાં એક ફ્લેટમાં ઘરફોડ ચોરી થઈ હતી. આ ઘરફોડ ચોરીમાં ચોરાયેલા દાગીના ખરીદનાર સોની નાસતો ફરતો હતો. આ સોનીને ગાંધીનગર એલ.સી.બી ની ટીમે ગાંધીનગર કોર્ટ પાસેથી દબોચી લીધો હતો. આરોપી સોનીને પકડીને અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે. અડાલજ પોલીસે સોનીની વધુ પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલ.સી.બીની એબસ્કોન્ડર સ્કવોર્ડ દ્વારા બાતમીદારો સક્રિય કરીને ઘરફોડમાં ચોરાયેલા દાગીના ખરીદનાર રીસીવર સોનીને પકડવામાં આવ્યો છે. પોલીસની ઝપટમાં ગેબી ગેંગ આવી ગઈ હતી. આ ગેંગના સાગરીતોની પુછપરછમાં કોટેશ્વર પાસે આવેલા દેવ ટવીંકલ ફ્લેટમાં વર્ષ-૨૦૧૫ માં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો હતો. ચોરીમાં ગયેલા દાગીના અંગે પુછપરછ થતા દહેગામ-નરોડા રોડ પર શાંતીવીલા ફ્લેટમાં રહેતા સોની ગીરીશ ભોગીલાલ સોનીને વેચ્યા હોવાનું ખુલ્યુ હતુ. ત્યારથી આ સોની નાસતો ફરતો હતો. એલ.સી.બીની ટીમે બાતમીને આધારે ગઈ કાલે ગાંધીનગર કોર્ટ પાસેથી આ સોનીને પકડી પાડીને ધરપકડ કરી લીધી હતી. વધુ તપાસ માટે રીસીવર સોનીને અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે.





સ્નેહમિલન સમારોહ - ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા પશુપાલકો તથા મંડળીના પદાધિકારીઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો... મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ દીપ પ્રગટાવી સમારંભનો પ્રારંભ કરાવ્યો હતો.... મેનેજીંગ ડીરેક્ટર રોહિત મહેતાએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી....

## વાતવાતમાં

● ગાંધીનગરના ૭૦ વર્ષીય ઈન્દુમતી નીમાવત જેઓ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકા રહી ચુક્યાં છે તેમણે શનિવારે ઉપલેટા ખાતે યોજાયેલ માસ્ટર્સ એથ્લેટિક્સની રાજ્યકક્ષાની સ્પર્ધામાં બબ્બે ગોલ્ડમેડલ જીત્યાં છે. ઈન્દુમતી નીમાવતે આ સ્પર્ધામાં ગોળાફેંક તથા ૨૦૦ મીટર દોડની રમતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યું છે.

● ઘ-૭ સર્કલ નજીક ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના કેટલાક બાળકો શનિવારે શાળાએ જવા ભરચક ટ્રાફિકમાં મુખ્ય રોડ કેવી રીતે ક્રોસ કરવો તેની અવઢવમાં મુકાયા હતા. આ સમયે સર્કલ પર ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસ કર્મીએ આ બાળકોની મદદે આવી તેમને હાથ પકડી રસ્તો ક્રોસ કરાવી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતુ.

● શહેરના જુના સેક્ટરોમાં કાર્યરત ઘરઘાટીઓએ એક સાથે રૂ. ૧૦૦નો પગાર વધારો માંગ્યો છે. ઘરઘાટીઓના પગાર વધારાને પગલે આ વિસ્તારનું ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે.

● સમગ્ર જિલ્લામાં પંચાયતોની ચૂંટણીઓમાં નોટબંધીના પગલે હજુ પણ પ્રચારમાં ગરમાવો જામતો નથી. જોકે ડિઝીટલ ઈન્ડિયાની અસર કહો કે જે કહો આ ચૂંટણીમાં ઉમેદવારો સોશિયલ મિડીયા થકી ડિઝીટલ પ્રચારનો ઉપયોગ વધુ કરતા જણાઈ રહ્યાં છે.

● સરકારના "કેશલેસ" ટ્રાન્ઝેક્શનના પ્રયત્નોના ભાગરૂપે સ્ટેટબેંક દ્વારા ગ્રાહકોને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવા પ્રેરિત કરતા ઈમેલ કરવામાં આવી રહ્યા છે. જોકે આ ઈમેલમાં ગ્રાહકોને તેમના ડેબિટ કાર્ડ લોટરી ટિકીટ, કોલવોક સર્વિસીઝ, સટ્ટો, સ્વીપ સ્ટેક્સ, ગેમ્બલીંગ એટલે કે જુગાર જેવા ટ્રાન્ઝેક્શન માટે ઉપયોગ નહી કરી શકાય તેવી તાકીદ પણ કરવામાં આવી રહી છે.

# ગાંધીનગરના શુટર વિમલ પ્રજાપતિએ નેશનલ ચેમ્પિયનશીપનું નિશાન તાક્યું

### ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો : ગોલ્ડ માટે માત્ર ૩ પોઈન્ટ દૂર રહ્યાં : પૂના ખાતે નેશનલ ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ સાથે ટ્રાયલ્સ ક્વૉલીફાઈડ પસંદગી પામ્યાં : બંને સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગાંધીનગરના પહેલા રાયફલ શુટર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના યુવા ખેલાડી વિમલ પ્રજાપતિએ તાજેતરમાં અમદાવાદની રાયફલ કલબ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૧૦ મીટર પીપસાઈટ એર રાયફલ કેટેગરીમાં સિલ્વર મેડલ જીતી શહેરનું નામ રાજ્યભરમાં રોશન કર્યું છે. આ ઉપરાંત તેઓ પૂના ખાતે પણ તાજેતરમાં યોજાયેલ નેશનલ ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી આગામી વર્ષે રમાનાર નેશનલ ટૂર્નામેન્ટ તથા ટ્રાયલ ક્વૉલીફાઈડ રાઉન્ડ માટે પણ પસંદગી પામ્યા છે. રાયફલ શુટિંગમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિમલ પ્રજાપતિ ગાંધીનગરના પ્રથમ ખેલાડી છે.



ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા વિમલ પ્રજાપતિ ગોલ્ડ મેડલ માટે માત્ર ૩ જ પોઈન્ટ દૂર રહી જવા પામ્યાં હતા. ગોલ્ડમેડલ વિનર શૂટરના ૫૮૪ સ્કોર સાથે વિમલ પ્રજાપતિએ ૫૮૧ નો સ્કોર કરી સિલ્વર મેડલ જીત્યો હતો. વિમલ પ્રજાપતિએ તા. ૧૨મી થી તા. ૧૬મી ડિસેમ્બર દરમ્યાન પૂના ખાતે યોજાયેલ નેશનલ ચેમ્પિયનશીપમાં પણ ૬૦૪.૭નો પ્રભાવી સ્કોર કરી આગામી વર્ષ માટેના ટ્રાયલ ક્વૉલીફાઈડ રાઉન્ડ સહિત નેશનલ ચેમ્પિયનશીપ માટે પણ ક્વૉલીફાઈડ થયા છે. તેમના આ ઉત્કૃષ્ઠ પ્રદર્શનથી ગાંધીનગરના ખેલ જગતમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી વિમલ પ્રજાપતિએ વર્ષ ૨૦૧૫ સુધી ગાંધીનગરના સે. ૨૩માં આર.એન. પટેલ લલિતકલા એકેડેમી સંલગ્ન મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે તાલીમ મેળવી છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ થી તેઓ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત વડોદરા કેન્દ્ર ખાતે તાલીમ મેળવી રહ્યા છે. વિમલ પ્રજાપતિનું ૬ માસ અગાઉ વડોદરા ખાતેની શુટિંગ એકેડેમીમાં સિલેક્શન થયું હતું. વિમલ પ્રજાપતિના પિતાશ્રી ચીનુભાઈ પ્રજાપતિ તેમનો પરંપરાગત ઈંટોનો વેપાર કરે છે તથા તેમના માતૃશ્રી કાશ્મિરાબેન પ્રજાપતિ એક સારા ગાયક કલાકાર છે. પોતાના દિકરાની અનેરી સિદ્ધિ બદલ માતા-પિતાએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત વિમલ પ્રજાપતિને મમતા સ્પોર્ટસ સેન્ટરના સંચાલિકા દિનાબેન ડોડિયા તથા સ્પોર્ટસ કોચ ગજેન્દ્રસિંહ બારડે અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે વિમલ પ્રજાપતિને વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવાર તરફથી પણ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવતા આનંદની લાગણી વ્યક્ત કરી છે.

## સચિવાલય ખાતે હોમગાર્ડસ માટે કેશલેસ અવેરનેસ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ભારત સરકાર દ્વારા તા. ૮મી નવેમ્બર-૨૦૧૬ થી ૫૦૦ અને ૧૦૦૦ના મુલ્યની ચલણી નોટો લીગલ ટેન્ડર ન રહેતા નવી ૫૦૦ અને ૨૦૦૦ની નોટોનું ચલણ શરૂ થયેલ છે.

ડીમોનીટાઈઝેશન બાદ પ્રધાનમંત્રીની જાહેરાત પ્રમાણે કેશલેસ વ્યવહારો વધુમાં વધુ થાય તે માટે નાગિરકોને જાગૃત કરવા હેતુ હોમગાર્ડઝ સભ્યોને સ્થાનિક રાષ્ટ્રીયકૃત બેંકોના સહયોગથી તાલીમબદ્ધ કરવા સેમીનારનું આયોજન તા. ૨૦મી ડિસેમ્બરના રોજ સવારે ૮.૩૦ કલાકે જિલ્લા હોમગાર્ડઝ કચેરી, બ્લોક નંબર-૬, ભોંયતળિયે, જુના સચિવાલય ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

તાલીમબદ્ધ થયેલ હોમગાર્ડઝ સભ્યો રોકડ રહિત વ્યવહારો કેવી રીતે કરવા તેની સમજ બીજા ૧૦ હોમગાર્ડઝ સભ્યો, નાગરિકોને આપે અને તે રીતે સમજ આપવાની શૃંખલા ૧૦ના ગુણાંકમાં આગળ વધારીને વડાપ્રધાનના કાળા નાણાં ડામવાના અભિયાનમાં હોમગાર્ડઝ સભ્યો સક્રીય સહયોગ કરે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવેલ છે. ઉક્ત વિષયો અંગે જિલ્લાના હોમગાર્ડઝ સભ્યોને સચોટ માર્ગદર્શન આપવા ગાંધીનગર ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના આસીસટન્ટ જનરલ મેનેજર તેમની ટીમ સાથે આવવાના છે.



ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ અને હોમીયોપથી દવાખાનાઓમાં પાંચ વર્ષ સુધીના બાળકોને વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાં. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી હતી.

# કોલેજમાંથી જ હૉલ ટિકીટ કાઢી આપો

ગાંધીનગર, તા.૧૭

જમાનો ઓનલાઈનનો જરૂર છે પરંતુ આ બાબતે હજુ દરેક જગ્યાએ બેવડાં ધોરણો પ્રવર્તે છે. કોલેજમાં



ભણતા યુવા વિદ્યાર્થીઓ ભલે ટેકનોસેવી હોય અને દરેક મોબાઈલ ફોન થકી ઈન્ટરનેટનો છૂટથી ઉપયોગ કરતા હોય પરંતુ દરેક વિદ્યાર્થીઓ પાસે પ્રિન્ટરની સગવડ હોય તે જરૂરી નથી. યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની હૉલ ટીકીટ નેટ પરથી ડાઉન લોડ કરી પ્રિન્ટ કરવાનું ફરમાન બહાર પાડી દેવાય છે, પરંતુ જો હોલ ટિકીટ ઓનલાઈન બનતી હોય તો વિદ્યાર્થીને પ્રવેશ માટે તેના મોબાઈલ ફોનમાં તેની ઈ-કોપી બતાવી શકે તેવી છૂટ પણ આપવી જોઈએ. જો કે અહીં પ્રિન્ટેડ હાર્ડ કોપીનો જ આગ્રહ રખાય છે પરંતુ કોલેજમાં તેની સગવડ પુરી પાડવામાં આવતી નથી. વળી, યુનિવર્સિટીના તમામ ફોર્મ્સ ઓનલાઈન આપી દેવાય છે પરંતુ તે હાર્ડ કોપીમાં જ ભરવાની ફરજ પડાય છે. ગાંધીનગરના સે. ૧૫ ખાતે સરકારી વિનયન કોલેજમાં પણ આજ સીસ્ટમ હોવાથી વિદ્યાર્થીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓને હોલ ટિકીટ કે ફોર્મ કઢાવવા બહાર જવુ પડે છે. આ સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવા કોલેજમાં જ હૉલ ટિકીટ તથા ફોર્મ્સની પ્રિન્ટ કાઢી આપવાની સગવડ આપવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે આજે કોલેજના આચાર્યને આવેદન પત્ર આપી વિદ્યાર્થીહિતમાં સત્વરે વ્યવસ્થા ગોઠવવા માંગ કરી હતી.

# આદરજ મોટી ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

### રૂ.૧૦,૨૪૦ નાં રોકડ મુદ્દામાલ સાથે પાંચ શકુનીઓની ધરપકડ : એક ફરાર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક આવેલા આદરજ મોટી ગામમાં ગઈ મોડી સાંજે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પેથાપુર પોલીસને મળતા પોલીસની એક ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરીને પાંચ શકુનીઓની ધરપકડ કરી રુ.૧૦,૨૪૦ રોકડ મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. જ્યારે એક શખ્સ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પેથાપુર પોલીસે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

પેથાપુર પી.એસ.આઈ એલ.એસ.ચૌધરીની ટીમ ગ્રામ પંચાયતની ચુંટણી અનુસંધાને ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે આદરજ મોટી ગામમાં મહાદેવ વાળા વાસ ખાતે લાઈટનાં અજવાળે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ પકડીને પાંચની ધરપકડ કરી લીધી હતી. જેમા આદરજ મોટીનાં ચીનુ ઉર્ફે ભોલો બેચર ઠાકોર, દશરથ રમેશ ઠાકોર, વિક્રમ કાળા ઠાકોર, જગા હરી ઠાકોર અને પુન્દ્રાસણનાં પંકજ જયરામ ઠાકોરની ધરપકડ કરવામાં આવી છે. તો બીજી તરફ આદરજ મોટીનો ભરત કાના ઠાકોર નાસી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે પાંચેયની રુ. ૧૦,૨૪૦નાં રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

# નાગરિક સંરક્ષણ અને જનભાગીદારી વિષયક સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા નાગરિકોમાં સ્વરક્ષણ અને શહેર રક્ષણ માટેની ભાવના ઉભી કરાવના આશયથી પ્રતિવર્ષ નાગરિક સંરક્ષણ વિક ઉજવવામાં આવે છે. તેના ભાગરૂપે ગાંધીનગર એકમ દ્વારા વિદ્યાર્થીઓણાં પણ નાગરિક સંરક્ષણને ભાવના જાગૃત કરવાના આશયથી વીકની ઉજવણીના થીમ આધારીત 'નાગરિક સંરક્ષણ અને જનભાગીદારી' વિષયક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં આચાર્ય બચુભાઈ પટેલ અને ડૉ. ચેતના બુચના સહકારથી યોજવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્થાન પ્રાપ્ત કરેલ. આગામી દિવસોમાં તેમને પારિતોષિકથી નવાજવામાં પણ આવશે. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જીનલ પટેલ, દ્વિતિય ક્રમે મીત શાહ તથા તૃતીય ક્રમે સ્મિત ચાવડા વિજેતા થયા હતા.

# અરવિંદ કેન્દ્ર ખાતે સ્વચ્છતા માટે વિદ્યાર્થીઓનું શ્રમદાન



ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન(બીબીએ) દ્વારા સ્વચ્છતા દિવસની ઉજવણી કરી અનુકરણીય ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. કોલેજના પ્રથમ વર્ષના ૪૬ વિદ્યાર્થીઓ દ્વારા આજે ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલ શ્રી અરવિંદ સાધના કેન્દ્રની સફાઈ માટે અભિયાન ચલાવ્યુ હતું.

કોલેજ તરફથી ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ પણ સફાઈ કાર્યમાં જોડાયા હતા. તેમજ તેમણે સમગ્ર કાર્યવાહીનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને "સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત" બનાવવા બીબીએના તમામ વિદ્યાર્થીઓને આચાર્ય રમાકાન્ત પ્રસ્ટી તેમજ ડૉ. જયેશ તન્નાએ સંકલ્પ લેવડાવ્યો હતો. તેઓએ દરેક વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે શ્રી અરવિંદ સાધના કેન્દ્રના સંચાલક ડૉ. સી.કે. તન્નાએ સ્વચ્છતાના ફાયદા જણાવતા કહ્યું હતું કે આરોગ્યના પ્રશ્નોમાં પણ સ્વચ્છતા ખૂબ મહત્વ ભાગ ભજવે છે. તેમણે વિદેશોમાં ભારતની છબી સ્વચ્છતા બાબતે ધ્રુમિલ હોવાથી તેને સહિયારા પ્રયત્નોથી સુધારવા હાંકલ કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. કાશીબેન રમણભાઈ પટેલ, ઉ.વ.૮૫
- સ્વ. વાલીબેન નાથાભાઈ જાદવ, ઉ.વ.૮૩
- સ્વ. મેનાબેન કચલાલાલ નાયી, ઉ.વ.૯૩